## શ્રી એન.એ.ઈજનેર, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ
## રેફરન્સ (ડી) નં.૧૫૨/૨૦૨૦

ડાયરેકટરશ્રી/જનરલ મેનેજરશ્રી,
આઈનોકસ વીન્ડ લી.,
હે. પ્લોટ નં.૧૨૮, ખાસરા રોડ, ગામ-રોહીકા, અમદાવાદ રાજકોટ હાઈવે,
એન.એચ.-૮એ, બાવળા, અમદાવાદ. ...**પ્રથમ પક્ષકાર**

**વિરૂધ્ધ**

શ્રી લિંગરાજ પ્રધાન,
ક/o, મંત્રીશ્રી, અખિલ ગુજરાત જનરલ મજદુર સંઘ,
૨ જો માળ, આરબ ચેમ્બર્સ, પથ્થરકુવા પેટ્રોલ પંપ,
રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ...**બીજા પક્ષકાર**

**વિષય:-આઈ.ડી.એકટની કલમ-૧૦(૧) (સી) મુજબ ઔધોગિક વિવાદ**

પ્રથમ પક્ષકાર તરફે : કોઈ હાજર નથી.
બીજા પક્ષકાર તરફે : વિ. પ્રતિ. શ્રી વી.કે.કાઝી અને એમ.એચ.સંઘરીયાત.

**-:: એ વો ર્ડ ::-**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદના તા.૨૬/૮/૨૦૨૦ ના ક્રમાંક: નાશ્રઆ/અવિ/ટે.૧૬/આઈડીઆર/એજે/૪૭૩/૨૦૨૦/૧૬૬૨૦ ના પત્રથી બીજા પક્ષકાર લિંગરાજ પ્રધાનનાએ આઈ.ડી.આર. કેસ નં. ૪૭૩/૨૦૨૦ અંતર્ગત બીજા પક્ષકારે નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા અન્ય આનુસાંગિક લાભો મેળવવા અરજદારે ફરીયાદ કરેલી તેમાં સમાધાન શકય બનેલ નથી તેથી ઔધોગિક વિવાદ (સુધારા) અધિનિયમ ૨૦૧૦ કે જે કેન્દ્દ સરકારના શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક એસ.ઓ. ૨૨૭૮ (ઈ) થી તા.૧૫/૯/૧૦ ના રોજ અમલમાં આવેલ છે જેની કલમ ૩ થી સુધારેલ જોગવાઈ મુજબ ફરીયાદ સીધી મજુર અદાલત અમદાવાદને કરવાની સુચના આપવામાં આવતા બીજા પક્ષકારે સીધો રેફરન્સ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**-: અનુસૂચિ :-**

**૧.**કામદાર શ્રી લિંગરાજ પ્રધાનની તા.૧-૪-૨૦૧૪ થી ૩૦-૯-૨૦૧૯ સુધીના રોજના દરરોજ ચાર કલાક ઓવરટાઈમ કામગીરીનુ વેતન કે વળતર ચુકવવામાં આવેલ નથી જેથી દરરોજ લેવામાં આવેલ ચાર કલાકની કામગીરીનુ ડબલ વેતન ચુકવી આપવાની સંસ્થાની કાયદેસરની ફરજ અને જવાબદારી હતી જે આજદિન સુધી ચુકવી આપવામાં આવેલ નથી તે ઓવરટાઈમ રકમ ૧૦ ગણા કોમ્પનસેશન સાથે ચુકવી આપવુ કે કેમ? **૨.**તા.૧-૪-૨૦૧૪ થી ૩૦-૯-૨૦૧૯ સુધીની ગણતરી દરરોજ લેવામાં આવેલ ૪ કલાક ઓવરટાઈમ કામગીરીના ડબલ લેખે ગણતા રુા.૨,૬૨,૦૩૭/- ચુકવી આપવા કે કેમ?

**(૨)** આજરોજ નેશનલ લોક અદાલત દરમિયાન બીજા પક્ષકાર અને તેમના પ્રતિનિધિશ્રીએ હાજર થઈ આંક-૬ ની પુરસીસની વિગતે કામદારને કાયદા મુજબ ઓવરટાઈમની રકમ ચુકવાઈ ગયેલ હોવાથી હાલનો રેફરન્સ આગળ ચલાવવા માગતા ન હોય સદર રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી માંગેલ હોઈ, આથી તેઓને તે મુજબ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને આ કામ વીડ્રોથી ફૈંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.
તા.૧૧-૧૨-૨૦૨૧

(નિલેશ અશોકભાઈ ઈજનેર)
CODE-GJ00484
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં. ૧, અમદાવાદ.

R.C.GOHEL.PA.